# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૧/૧૧/૨૦૨૪**

**IAS નેહા કુમારી સામે હવે કોંગ્રેસ પક્ષ સમગ્ર દેશમાં વિરોધ નોંધાવી, એમને નોકરી માંથી પાણીચું પકડાવી દેવાની માંગ બુલંદ કરશે.**

મહિસાગર જિલ્લા કલેકટર નેહા કુમારી ( IAS) નો વિજય પરમાર નામના એક અરજદાર સાથેનો વિડિઓ ખૂબ વાયરલ થયો છે જે દલિત આદિવાસી સમાજમાં આક્રોશનું કારણ બન્યો છે. સમગ્ર મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ ભાઈ મેવાણી દ્વારા તેમજ કોંગ્રેસ લીગલ સેલના પ્રદેશ અધ્યક્ષ યોગેશ રવાણી દ્વારા વિગતવાર પત્રકાર પરિષદ યોજીને આ ઘટનાને વખોડવામાં આવેલ છે.

સમગ્ર મામલે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો દ્વારા મહીસાગર જિલ્લા પોલીસ વડા, રાજ્યના મુખ્ય મંત્રી, મુખ્ય સચિવ, મહેસૂલ સચિવ, દેશના પ્રધાનમંત્રી અને મહામહિમ રાષ્ટ્રપતી સમક્ષ IAS નેહા કુમારી એ ઉચ્ચારેલા શબ્દો ની પેન ડ્રાઇવ સાથેની વિગતવાર ફરિયાદ કરી, તેઓની સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી, ધરપકડ સુધીની માંગ કરવામાં આવેલ છે. આ બાદ પણ ભારતીય જનતા પાર્ટી પોતાની દલિત આદિવાસી વિરોધી માનસિકતા અને બંધારણ વિરોધી વિચારધારાને કારણે કોઈ જ પગલાં ભરવા માંગતી નથી; જેનો સાફ મતલબ એમ થાય છે કે, ભાજપ સરકાર આવા જાતિવાદી અધિકારીઓને છાવરી સમાજમાં એવો મેસેજ આપવા માંગે છે કે દલિતો, આદિવાસીઓનું આ રાજ્યમાં અપમાન થાય તો પણ એમને કોઈ ફરક પડતો નથી!

આ મુદ્દાની ગંભીરતા જોતાં, સામાજિક ન્યાયના મુદ્દે પ્રતિબદ્ધતા હોવાને નાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રીય સ્તર ઉપર આ મુદ્દો ઉપાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ પક્ષના અનુસૂચિત જાતિ વિભાગના રાષ્ટ્રીય ચેરમેન રાજેશ લીલોથીયા જી દ્વારા દરેક રાજ્યોમાં આ મુદ્દે રાજ્યપાલ સમક્ષ આવેદનપત્ર આપી IAS નેહા કુમારી ને નોકરીમાંથી પાણીચું આપી દેવાની માંગ કરવા માટે કોંગ્રેસ પક્ષના પ્રદેશ અનુસુચિત જાતિ વિભાગને સૂચિત કર્યો છે. આ મુદ્દો રાષ્ટ્રીય સ્તરે લડત આપવામાં આવશે.

ડૉ. મનીષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા